## જન્મદિને વધામણી



દીપ ભાવેશભાઈ કડિયા
મો. ૯૪૨૭૪ ૦૮૩૯૬




કુલદીપસિંહ બળવંતસિંહ રાઠોડ
મો. ૮૩૪૭૮ ૫૭૧૫૪



જૈવલ હરેશ રાવલ
મો. ૯૮૨૫૯ ૮૭૦૮૧



હેમંત કે. પોપટ
કા. સભ્ય, જલારામ સેવા સમાજ



રમેશચંદ્ર જી. ત્રિવેદી

# કન્યા શિક્ષણ પ્રોત્સાહન સહાય અર્થે દિકરીઓને ચેક એનાયત

## ગાંધીનગર સ્વર્ણિમ સંકુલમાં ગૌરવશાળી સમારોહ : ગુજરાત સેવાના વર્ગ-૪ કર્મયોગીઓની દિકરીઓને ચેક અપાયા : ટ્રસ્ટમાં અપાનારૂ કોઇ દાન કરવેરા મુક્ત રહેશે

ગાંધીનગર,તા.૨૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી રચાયેલા નામો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધિ ટ્રસ્ટની ૧૦ લાખ ૬૦ હજારની પ્રથમ સહાયની રકમના ચેક રાજય સેવાના વર્ગ ૪ કર્મયોગીઓની ૧૨૨ દિકરીઓને કન્યા શિક્ષણ પ્રોત્સાહન સહાય રૂપે વિતરણ કર્યા હતા. નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રીનું પદ છોડતી વખતે રાજય સરકારના વર્ગ ૪ કર્મયોગીઓની દિકરીઓના કલ્યાણ માટે આ અનોખી પહેલ ૨૦૧૪માં કરી હતી.

ગુજરાતમાંથી વિદાય થતાં તેમણે પોતાની બચત મૂડીમાંથી ૨૧ લાખનું દાન જાહેર કર્યું હતું અને રાજય સરકારના અદના કર્મયોગીઓની દિકરીઓના કલ્યાણની યોજના માટે રાજય સરકાર દ્વારા આ દાનનો ઉપયોગ થાય તેવી લાગણી નરેન્દ્ર મોદીએ વ્યકત કરી હતી. અત્રે એ ઉલ્લેખનીય છે કે,સ વડાપ્રધાનની પ્રેરણાથી આકાર પામેલ આ નમો ગુજરાત કર્મયાગી કલ્યાણ નિધિ ટ્રસ્ટ દ્વારા ઉત્તરોતર વર્ગ-૪ના કર્મચારીઓની દિકરીઓને શિક્ષણ માટે સબળ પ્રોત્સાહન મળી રહે તે હેતુથી દાન સ્વીકારવામાં આવે છે.

આ ટ્રસ્ટમાં અપાનારૂ દાન માટે કલમ ૮૦-જી હેઠળ આવકવેરા મુક્તિ મળવાપાત્ર રહેશે જે વ્યક્તિગત દાતાઓ સંસ્થાઓ સખાવતીઓ આ પાવન યજ્ઞમાં જોડવા ઈચ્છતા હોય તેઓ પોતાનું દાન નમો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધિ ટ્રસ્ટ બેન્ક ઓફ ઈન્ડિયા ન્યુ સચિવાલય કોમ્પ્લેક્ષ, ગાંધીનગરના કરન્ટ એકાઉન્ટ નંબર ૩૩૯૮૯૯ ૨૨૨૧૧માં જમા કરાવી શકે છે અથવા અધ્યક્ષ સચિવાલય કલ્યાણ સમિતિ ગુજરાત સરકાર સામાન્ય વહીવટ વિભાગ બ્લોક નં.૭ ભોયતળીયાએ સચિવાલય, ગાંધીનગરને ચેક ડ્રાફટથી મોકલી શકે છે.

મુખ્યમંત્રી આનંદીબેને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના દીર્ધદ્રષ્ટિ પૂર્ણ આ સત્કાર્યની ઈચ્છાને મૂર્તિમય કરવા નમો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધિ ટ્રસ્ટની રચના કરીને રાજય સેવાના વર્ગ ૪ના કર્મયોગીઓને આર્થિક આવકના કારણે અભ્યાસ છોડી દેવો ન પડે તે માટે આ કલ્યાણ નિધિમાંથી વિવિધ ૨૨ કેટેગરીમાં ધો-૧થી લઈને ઉચ્ચ અભ્યાસ કરતી દિકરીઓને ૧૫૦૦થી ૩૦ હજાર સુધીની સહાય આપવાનો ઉદાત અભિગમ અપનાવ્યો છે. આ નિધિની સહાયમાં ઉચ્ચ અભ્યાસ ઉપરાંત સ્પર્ધાત્મક પરિક્ષાઓ તેમજ વ્યવસાયિક તાલીમ માટેના અભ્યાસક્રમોને પણ આવરી લેવાયા છે. મુખ્યમંત્રી નમો ગુજરાત કર્મયોગી કલ્યાણ નિધી ટ્રસ્ટનાં અધ્યક્ષ તરીકે આજે અદના કર્મયોગીઓની ૧૨૨ દિકરીઓને સહાય એક અર્પણ કરતાં દિકરીઓ સાથે રસપ્રદ સંવાદગોષ્ઠિ કરીને તેમના અભ્યાસ પ્રવાસ ઈતર પ્રવૃત્તિઓ અભિરૂચિ અને રમતગમત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવાની બહુવિધ પ્રવૃત્તિઓની વિગતો મેળવી પ્રોત્સાહન પ્રેરણા પુરા પાડ્યા હતા.



દેશની એક દિકરી પર નિર્મમ અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો તે નિર્ભયાકાંડની ત્રીજી વરસીએ આમ આદમી પાર્ટીના ગાંધીનગર એકમ દ્વારા ઘ-૪ સર્કલે કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. આપના કાર્યકર્તાઓ દ્વારા મીણબત્તીઓ હાથમાં લઈને 'નિર્ભયા'ને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

## ગુજરાત કો.ઓ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના વાઈસ ચેરમેન પદે જેઠાભાઈ ભરવાડની સર્વાનુમતે વરણી

ગાંધીનગર, તા.૨૯

પંચમહાલ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ લિ. ગોધરાના ચેરમેન અને ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડની તાજેતરમાં જ ગુજરાત કો.ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના વાઈસ ચેરમેન પદે સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે.

નવ નિયુકત વાઈસ ચેરમેન જેઠાભાઈ ભરવાડે જણાવ્યું હતું કે તેઓ જીસીએમએમએફના નિયામક મંડળનો અને ગુજરાતના તમામ દૂધ ઉત્પાદકોનો આભાર માને છે અને તેઓને સોંપવામાં આવેલી જવાબદારીને નિષ્ઠાપૂર્વક નિભાવવા સતત પ્રયત્નશીલ રહીશ.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદન સંઘ પાલનપુરના નવ ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જેઠાભાઈ ભરવાડને અભિનંદન પાઠવ્યા હતા. અને અમૂલ એ વિશ્વ વિખ્યાત બ્રાન્ડ છે. અને તેનું દરેક ભારતીયને ગર્વ છે.

જીસીએમએમએફ ભારતની રૂ. ૨૧૦૦૦ કરોડનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી ખાદ્ય ઉત્પાદનોની માર્કેટીંગ વ્યવસ્થા સંભાળતી ટોચની સંસ્થા છે. જેના દ્વારા અમૂલ અને સાગરબ્રાન્ડ હેઠળ દૂધ અને દૂધની વિવિધ બનાવટોની



વિશાળ શ્રેણીનું માર્કેટીંગ તેમજ વિતરણ કરવામાં આવે છે. જેમાં વિશેષ વૃધ્ધિ નોંધાશે તેવું જણાવ્યું હતું. જીસીએમએમએફના ચેરમેન જેઠાભાઈ પટેલે નવનિયુકત વાઈસ જેઠાભાઈ ભરવાડને અભિનંદન પાઠવ્યા હતા.

## રવિ કૃષિ મહોત્સવનો કચ્છના વેકરીયા ગામથી શુભારંભ થશે

### વેકરીયા ખાતે કેમલ શૉ યોજાશે : વિવિધ સ્થળોએથી ૨૦૦૦ થી વધુ ઊંટ ભાગ લેશે

ગાંધીનગર, તા.૨૯

રાજય સરકાર દ્વારા આગામી તા.૩૧ ડિસે.૨૦૧૫ થી તા.૪ જાન્યુ.૨૦૧૬ દરમિયાન રાજયભરમાં રવિ કૃષિ મહોત્સવનું આયોજન કરાયું છે. આ રવિ કૃષિ મહોત્સવને શ્રીમતી આનંદીબેન પટેલ કચ્છ જિલ્લાના વેકરીયા ખાતે ખુલ્લો મુકશે, તેમ પશુપાલન નિયામકની યાદીમાં જણાવાયું છે.

કચ્છ જિલ્લાના ભુજના વેકરીયા રણ ખાતે પશુપાલન દ્વારા કેમલ શૉ (ઊંટ શો) નું આયોજન કરાયું છે. જેમાં વિવિધ સ્થળોએથી અંદાજે ૨૦૦૦ થી વધુ ઊંટ ભાગ લેશે. સાથે સાથે ઊંટ તંદુરસ્તી, શુદ્ધ નસ્લ હરિફાઈ, ઊંટદોડ, ઊંટ શણગાર તથા અન્ય માર્ગદર્શન માટે એક દિવસીય સેમિનારનું પણ આયોજન કરાયું છે. ઊંટમાં જોવા મળતા ચકરી અને ચામડીના રોગોની સારવાર તથા નિયંત્રણ માટે વિશેષ સારવાર કેમ્પનું પણ આયોજન કરાયું છે. ઊંટના દૂધની ઔષધીય ગુણવત્તા અને રાજય સરકારની પ્રોત્સાહક કામગીરીને ધ્યાને લઈ એફએસએસએઆઈ સમક્ષ સમગ્ર દેશમાં રજૂઆત કરનાર ગુજરાત પ્રથમ રાજય બન્યું છે.

રાજય સરકાર દ્વારા રાજયમાં પશુસારવારની નિઃશુલ્ક સેવાઓનો વ્યાપ વધારવાના હેતુથી ૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાનું શરુ કરવાની યોજના અંતર્ગત રાજયમાં ૨૩૦ મોબાઈલ પશુ દવાખાનાની સ્થાપના કરાશે. જેમાં કચ્છ જિલ્લાને ૧૮ મોબાઈલ પશુ દવાખાના પણ મળશે. તેમજ દૂધ ઉત્પાદન વધારવા માટે ડેરીક્ષેત્રે અલ્પવિકસીત વિસ્તારમાં કેટલ ફીડ ફેકટરીની સ્થાપના કચ્છ જિલ્લા દૂધ સહકારી દૂધ ઉત્પાદન સંઘ, ભૂજ સંઘને મળવાપાત્ર સહાયના ચેક અર્પણ કરાશે તેમ વધુમાં જણાવાયુ છે.

## રઘુવીર ચૌધરીને અભિનંદન પાઠવતા રાજયપાલશ્રી

ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ પ્રદાન માટે જ્ઞાનપીઠ પુરસ્કાર-૨૦૧૫થી સન્માનિત થનાર સુપ્રસિદ્ધ સાહિત્યકાર રઘુવીર ચૌધરીને ગુજરાતના રાજયપાલ ઓ.પી. કોહલીએ અભિનંદન પાઠવ્યા છે.

રાજયપાલએ રઘુવીર ચૌધરીને ગુજરાતી સાહિત્યમાં આપેલ યોગદાનની સરાહના કરતા જણાવ્યું છે કે રઘુવીર ચૌધરીએ એક શ્રેષ્ઠ ઉપન્યાસકાર, કવિ, નાટ્યકાર, વિવેચકના રુપમાં ગુજરાતી સાહિત્યની સેવામાં પોતાને સંપૂર્ણ સમર્પિત કરી દીધું છે. જ્ઞાનપીઠ પુરસ્કારથી તેમને સન્માનિત કરવામાં આવી રહ્યા છે, તે ગૌરવની બાબત છે.

## કોંગ્રેસે જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા ડૉ. રઘુવીર ચૌધરીને અભિનંદન પાઠવ્યા

સાહિત્ય જગતના સર્વોચ્ચ માનસન્માન જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર ડૉ. રઘુવીરભાઈ ચૌધરીને હાર્દિક અભિનંદન આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકી અને વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી શંકરસિંહજી વાઘેલાએ અભિનંદન આપતા જણાવ્યું હતું કે ડૉ. રઘુવીરભાઈને એવોર્ડ મળતા દેશભરમાં ગુજરાતનું ગૌરવ વધ્યું છે. ડૉ. રઘુવીરભાઈની નિરંતર સાહિત્યિક પ્રવૃત્તિને લીધે ગુજરાતની અસ્મિતા કાયમ બની છે. તેમના સાહિત્ય સર્જનને લીધે નવી પેઢીને પ્રેરણા સાંપડી છે. કેમ કે તેમના સાહિત્ય સર્જનમાં સામાજિક નિસબત જોવા મળે છે અને માનવીય લાગણીઓનું પ્રતિબિંબ પડે છે.

## યુવાનો ઝડપાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. પુણે સ્થિત ૧૬ વર્ષીય મુસ્લિમ યુવતીની એટીએસ દ્વારા હાલમાં જ પુછપરછ કરવામાં આવી ચુકી છે. એટીએસ અને અન્ય સુરક્ષા સંસ્થાઓ દ્વારા હાલમાં કઠોર કાર્યવાહી કરવામાં આવી રહી છે જેના પરિણામ સ્વરુપે મોટી સંખ્યામાં આઈએસમાં સામેલ થવા ઈચ્છુક શખ્સોની ધરપકડ કરાઈ રહી છે. ઝડપાયેલા તમામ શખ્સોની પુછપરછ કરવામાં આવી રહી છે. ભારતસરકાર વારંવાર કહી ચુકી છે કે, સોશિયલ મિડિયા ઉપર નજર રાખવામાં આવી રહી છે.

## જ્ઞાનપીઠ એવોર્ડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વ. ઉમાશંકર જોષી, સ્વ. પન્નાલાલ પટેલ, સ્વ. રાજેન્દ્ર શાહ છે. જેમાં ચોથા સાહિત્યકાર તરીકે રઘુવીર ચૌધરીનો સમાવેશ થયો છે. એક યોગાનુયોગ એવો પણ છે કે અગાઉ જ્ઞાનપીઠ પારિતોષિક મેળવનારા સ્વ. પન્નાલાલ પટેલ રઘુવીર ચૌધરીના વેવાઈ થાય છે. રચનારીતિનું વૈવિધ્ય ધરાવતી વાર્તાઓમાં વ્યક્તિત્વ સંવેદનાથી વ્યાપક નવલકથાઓના રચયિતા રઘુવીર ચૌધરીની 'નોવેલ ઓફ આઈડિયા' સમી નવલકથા 'અમૃતા' ખૂબ જ ખ્યાતિ પામી હતી. કિસાન અને સાહિત્યકારના અનોખા સમન્વય સમા રઘુવીર ચૌધરીએ તેમનું બુનિયાદી શિક્ષણ ગ્રામભારતીમાં મેળવ્યુંહતુંઅને હાલ તેના સંચાલક મંડળમાં કાર્યરત છે. ખ્યાતિપ્રાપ્ત સર્જક હોવા છતાં તેઓ આજીવન ખેડૂત બનીને જીવ્યા છે. માથે જથ્થાબંધ રૂપેરી વાળ નીચે ઓપતું ગૌર લલાટ, મુખ પર મંદ મર્માળુ મુસ્કાન અને ઝભ્ભો તેમના ટ્રેડમાર્ક છે. ખેડૂત-સર્જક-અધ્યાપક રઘુવીર ચૌધરીની નિરીક્ષણ શક્તિ ઘણી તીવ્ર છે.

રઘુવીર ચૌધરીને જ્ઞાનપીઠ પારિતોષિકની જાહેરાત થતાં જ સમગ્ર ગાંધીનગર સાહિત્ય આલમમાં આનંદનું મોજું ફરી વળ્યું છે અને અભિનંદનની વર્ષા કરાઈ રહી છે. એવોર્ડની જાહેરાત થતાં જ ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહાએ રઘુવીર ચૌધરીના ઘરે જઈ અભિનંદન પાઠવ્યા હતા. ગાંધીનગરના જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ પણ સમસ્ત ભારતીય સાહિત્ય જગત વતીથી અંતકરણના અભિનંદન પાઠવ્યા છે. ડૉ. કેશુભાઈ દેસાઈ અગાઉ જ્ઞાનપીઠ પારિતોષિક ચયન સમિતિના સભ્ય રહી ચૂક્યાં છે અને આ નિર્ણય લેવા બદલ જ્ઞાનપીઠ પ્રવર પરિષદના અધ્યત્ર-સદસ્યોનો તેમણે આભાર માન્યો છે. આ સાથે ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિ, મંત્રી સંજય થોરાત, ઉપપ્રમુખો સુરેશભાઈ ભટ્ટ તથા નટવર હેડાઉએ પણ સમગ્ર ગાંધીનગર સાહિત્ય પાઠવ્યા છે. રઘુવીર ચૌધરીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે. ગાંધીનગર સમાચાર પરિવારે પણ રઘુવીર ચૌધરીને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

## સત્તામાં વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધરાવતા હોય તેવા પાવરફુલ કલેકટરો માત્ર ગુજરાતના છે. પણ કલેકટર કચેરીમાં એનએ કરવાની ઉચી રકમ અંડર ટેબલ લેવામાં આવે છે. તે અંગે કોઈ સ્પષ્ટ્ર આદેશો કરાયા નથી. જેથી જિલ્લા કક્ષાએ ભ્રષ્ટાચાર વધે તેવી પણ શક્યતા જોવામાં આવી રહી છે.

સેંકડો કેસોનો નિકાલ જિલ્લા મથકે નિવેડો લાવવાની સત્તા આપવાની સાથે કલેકટરોએ આવા કામનો નિકાલ ૬૦ દિવસમાં જ લઈ લેવો પડશે. જો તેનાથી વધારે સમય જશે તો માગણી મુકાનારા લોકો સરકાર સમક્ષ ફરિયાદ કરી શકશે.

## વિક્રમી વાવેતર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લામાં સતત બદલાતા પશુધન માટેના ઘાસચારાના પાકનું ૧૬,૫૬૪ હેકટર વિસ્તારમાં વાવેતર થવા પામ્યું છે. મળતી વિગતો પ્રમાણએ જિલ્લામાં રાઈનું વાવેતર ૧૧૪૩ હેકટર જીરાનું વાવેતર ૧૨ હેકટર તેમજ મકાઈનું વાવેતર ૧૮ હેકટરમાં થયું છે. ઈસબગુલનું વાવેતર ૧૬ હેકટરમાં થવા પામ્યું છે.

## નવી સીરીઝ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હરાજી પ્રક્રીયામાં અરજદારોના ઉત્સાહનો અભાવ વર્તાતો હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. જેના લીધે આર ટી ઓ કચેરીએ એકથી વધુ વખત હરાજી કરવાની નોબત આવી છે. જયારે આર ટી ઓ કચેરી દ્વારા ટુ વ્હીલર માટે જી જે ૧૮ સી એમની નવી સીરીઝ શરૂ થવાની છે. ત્યારે આર ટી ઓ કચેરી દ્વારા નવી સીરીઝના નંબરો માટે આગામી તા ૨ જાન્યુઆરીના રોજ પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. આ દરિયાન જી જે સીટી અને મોટર કાર માટેની નવી સીરીઝ સી એલ તેમજ જી જે ૧૮ બી ઈની સીરીઝમાં બાકી રહેતા ૭૦ જેટલા નંબરોની હરાજી માટે પણ પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. ગોલ્ડન અને સિલ્વર કેટેગરીના નંબરોની હરાજીમાં ભાગ લેવા માટે વાહન માલિકોએ નવા પરિપત્ર મુજબ ઈનવોઈસ તથા વીમાની તારીખથી સાત દિવસ થતા હોય તેવા વાહન માલિકોએ હરાજીમાં ભાગ લેઈ શકશે. પ્રથમ હરાજીમાં સાત દિવસમાં ભાગ લીધો હોય તેવા જ કીસ્સામાં બીજી હરાજીમાં ભાગ લઈ શકાશે.

## વિચારોના મધુવનમાં...

(૪ પાનાનું ચાલુ...)

બનીને તરુણી બની જવું કદાચ દર્પણનો વિષય બની શકે પણ જીવનની વાસ્તવિકતાઓનો બિલકુલ નહીં. દીકરીને ટાપતીપમય બનતા અટકાવવી એ માતાની ફરજનો ભાગ બનવો જોઈએ. ઉપર ઉપરની ટાપટીપ સમયની દિવાલો સામે ઘસાતી જાય છે. પણ આપેલી શીખામણ, શિક્ષણ અને તાલીમ દરિયાના મોજા સામે પણ તટ્ટાર બની તાકાત બતાવશે.

પાર્વતી : ગ્રામ્ય સમાજ દીકરીને પોરી કે છોડી નામે ભલે ઓળખતા હોય પણ તેમની ગ્રામ્યતા તેમના જેવી સરળ હોય છે. ધૂળ પોતાની રંગ અને સુગંધ સાથે જન્મે છે તેમ ધૂળીયા શબ્દો પણ તેની સુગંધ જમાવટ કરનારા હોય છે.

પિતા માટે દિકરી ચિંતાનો વિષય નહિ ગૌરવની કથા બની શકે છે. આત્મજા તરીકે જન્મેલી તનયા તનને મજબૂત બનાવે તો અંગજા નામ સાર્થક કરે છે. કન્યામાંથી કાંતા બનીને સુતાને વળાવતા આત્મીયજનો માટે બેટી એ દુર્ગાનો અવતાર બની જાય તે આજના સમયની માંગ છે.

આપણે એક દેશબાંધવ તરીકે વિચારીએ તો દેશની અડધો અડધ જનસંખ્યાને જો યોગ્ય માન-સન્માન અને તાલીમ-શિક્ષણ અને સહાય ના આપવામાં આવે તો દેશને આગળ લઈ જવો એ અપંગ વ્યક્તિને ડુંગર ચડાવવા જેવી બાબત બની જાય.

## નવાં કલેવર

(૪ પાનાનું ચાલુ...)

ડાયરી હાથ લાગી. ખોલું છું 'સૂરજને કયારેક પોતાની વ્યાપકતા છોડી કોડીયામાં સમાવું જોઈએ. હાં મારા સૂરજ તેં કયારેય પ્રથમાને બરફની એ ઠંડક કેમ ન આપી જેને તે શોધતી હતી. શા માટે તું મને બીજાનાં પત્રો વંચાવી વંચાવીને બાળતો રહ્યો અને તારો સૂર્ય ધર્મ નિભાવતો રહ્યો. હાં સૂર્ય, તારી પ્રથમા હજુ તને શોધે છે. પણ તારી ઉષ્મા સાથે નહીં તેને છોડીને જ તું તારી પ્રથમા પામી શકીશ.'

અને હું દૂર દૂર નજર દોડાવતા પુછું છું. પ્રથમા કયાં છે? પણ કોઈને ખબર નથી.

હું પ્રથમાને હજું શોધુ છું. શું તમે તેને જોઈ છે?

- vanvihari@gmail.com

**ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડ**
બ્લોક નં.૧, પ્રથમ માળ, સેક્ટર-૧૦/એ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
ફોન નં. ૦૭૯-૨૩૨૩૯૫૩૭, ફેક્સ નં. ૦૭૯-૨૩૨ ૨૨૩૯૬

**જાહેર નિવિદા**


ગુજરાત વૉટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લીમીટેડની વડી કચેરી, ગાંધીનગરની અગત્યની ટપાલો કુરીયર મારફતે મોકલવા માટે માન્ય કુરીયર એજન્સીઓ પાસેથી માત્ર રજી.પો.એ.ડી./સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે.
(૧) કોરા ટેન્ડર ફોર્મ મેળવવાની તા. ૧/૧/૨૦૧૬ થી તા. ૫/૧/૨૦૧૬
(૨) ભરેલ ટેન્ડર પરત લેવાની છેલ્લી તા. ૧૨/૧/૨૦૧૬
(૩) ટેન્ડર ફી રૂ. ૫૦૦/- રોકડા ભરવાથી કોરા ટેન્ડર ફોર્મ આપવામાં આવશે.
(૪) બાનાની રકમ રૂ. ૧૦૦૦/-
નોંધ : ગાંધીનગરમાં આવેલ એજન્સીઓએ જ ટેન્ડર ભરવાના રહેશે.
માહિતી/૨૧૬૯/૨૦૧૫-૧૬

## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ સિંહ**

**આજના ગ્રહોની કુંડળી**




**ગુરુ - ચંદ્રનો ગજકેસરી યોગ ઉત્તમ છે. શુક્ર - મંગળ તેમજ ગુરુ - સૂર્યનો પરિવર્તન યોગ ઉચ્ચત્વ પ્રાપ્ત કરે છે. શુભ માલાયોગ છે.**

- **મેષ** સંતાનની પ્રગતિ થાય. રાશિપતિ મંગળ સાતમે હોઈ મિશ્ર ફળ આપે. અઢી વર્ષની શનિની પનોતી છે.
- **વૃષભ** ચોથે ગજકેસરી યોગ અને સાતમે શુક્ર - શનિની યુતિ આકસ્મિક ધન લાભ કરાવે.
- **મિથુન** ત્રીજે ગુરુ - ચંદ્ર વડીલ રાજનીતિજ્ઞો દ્વારા વણકલ્પેલ પ્રગતિ કરાવે.
- **કર્ક** ત્રીજે રાહુ તેમજ સાતમે બુધ નિર્ણયો લેવામાં અનિર્ણાયક્તા રખાવે.
- **સિંહ** ગજકેસરી યોગ પ્રગતિ કરાવે. ધાર્મિક્તા વધારે. શનિની અઢી વર્ષની પનોતી છે. સાહિત્ય સર્જન કરાવે.
- **કન્યા** બારમે ગુરુ - ચંદ્રની યુતિ મુશ્કેલીઓમાં રાહત અપાવે. સાહસથી દૂર રહેવું.
- **તુલા** ગજકેસરી યોગથી પાપગ્રહોની ખરાબ અસરો ઓછી થશે. સાડા સાતીની શનિની પનોતી અંતિમ તબક્કામાં છે.
- **વૃશ્ચિક** દસમે ગજકેસરી યોગને કારણે પદો ન્નતિ થાય. શનિની સાડાસાતી પનોતી ચાલે છે.
- **ધન** ગુરુ - સૂર્યનો પરિવર્તન યોગ ધર્મકાર્ય કરાવે - શુભ ખર્ચો થાય - સાડાસાતીની શનિની પનોતી ચાલે છે.
- **મકર** રાશિમાં બુદ્ધ - દસમે મંગળ - અગિયારમે શનિ સાવચેતીથી ચાલવાનું સૂચવે છે.
- **કુંભ** સાતમે ગજકેસરી યોગથી આજે આપના દ્વારા શુભ કાર્યો થાય.
- **મીન** રાશિપતિ ગુરુ છઠ્ઠે મિશ્ર રૂપ આપે. ઉતાવળે કોઈ નિર્ણય ન લેવા.

## નિષ્ફળતા છતી કરી...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સભામાં આ દરખાસ્ત પર ચર્ચા કરવા અને મંજુર કરવા માટે રજુ કરાતાં શહેરમાં રાજકીય ગરમાવો ઉભો થવા પામ્યો છે. શ્રી પટેલે પત્ર પાઠવી કમિશનરશ્રીને ગાંધીનગર શહેરના અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા જે અરજીઓ આવેલ છે આવેલ હોય તો નિયમિત કરવા માટે કેટલી અરજીઓ ગ્રાહ્ય રાખવામાં આવે છે અને કેટલી અરજીઓ રદ કરવામાં આવે છે અથવા નિયમિત બનાવવાનો ઈનકાર કરતો હુકમ કેટલી અરજીને કરવામાં આવે છે અને અલપેટ અધિકારી સમક્ષ કેટલી ગાં.મ.ન.પા. વિસ્તારમાંથી દાખલ થયેલ છે.

કોર્પોરેશન આ બાબતે શું કાર્યવાહી કરવા માગે છે. વિગતવાર માહિતી કોર્પોરેશનની સામાન્ય સભામાં માહિતી સાથે ચર્ચા કરવી. નગરજનોના ઉપરોકત પ્રશ્નોના કેવી રીતે નિકાલ થઈ શકે તેની વિગતવાર ચર્ચા કરવી. ગાંધીનગર શહેરના અધિકૃત વિકાસ માટે કેટલી ખાનગી માલિકીના નવા બાંધકામની અરજીઓ આવેલી છે તેમાંથી કેટલી સમયમર્યાદામાં મંજૂર કરી? અને વિકાસ પરવાનગી આપ્યા પછી કેટલાના બાંધકામ પૂર્ણ થયા અને ભોગવટા પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે અને અત્યારે હાલ કેટલા બાંધકામો સરકારને અધિકૃત નિયત મુજબ ચાલી રહ્યા છે કે નહિ તેવી વિગતવાર સેકટરદીઠ માહિતી રજુ કરીને સામાન્ય સભામાં ચર્ચા કરવી. કોર્પોરેશન વહીવટી પાંખ દ્વારા કયા માપ દંડ નક્કી કરી અને સર્વે કરી કેટલા અકમો છે અને શીલ મારવાની કાર્યવાહી થઈ છે.

## ટૂંપો દેવાનું કામ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તાત્કાલિક ધોરણની 'જૈસે થે'ની સ્થિતિમાં બંધ કરાવી દીધા છે અને તે પણ કોઈ કારણ વગર જનભાગીદારીમાં પેવરબ્લોકના કામ માટે મહાનગરપાલિકા તરફથી એડવાન્સમાં પેવરબ્લોક નખાવવા માંગતા પ્રજાજનો પાસેથી એસ્ટીમેન્ટના ૨૦ ટકા પહેલા ભરપાઈ કરાવી લે છે ગાંધીનગરની પ્રજાજનોએ અત્યારે હાલ ૧૫૭ સોસાયટીવાળાઓએ આશરે ૨૦ ટકા લેખે નવથી દશ લાખ રૂપિયા જેટલા રૂપિયા ભરેલ છે. અને હવે અચાનક જ કામ બંધ કરી દેતા પ્રજાજનોમાં રોષની લાગણી પ્રગટ થઈ છે. હવે પ્રજાજનોમાં એ વાતનો ડર છે કે તેમના રૂપિયાનું શું? આમ મહાનગરપાલિકાએ તાત્કાલિક ધોરણથી પેવરબ્લોકના કામો ચાલુ કરાવી દેવા જોઈએ નહીતર ગાંધીનગરના પ્રજાજનોને ન્યાય અપાવવા માટે કોંગ્રેસ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરે અને તેની સમગ્ર જવાબદારી મહાનગરપાલિકાની રહેશે.

શ્રી બિહોલાએ જણાવ્યું છે કે મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનામાં લોકફાળો ભરનારી સોસાયટીઓના રહીશોને બેંકના વ્યાજદરે વ્યાજ ચુકવવું જોઈએ. મનપાના સત્તાધીશોને વેરા ઉઘરાવવા અને લોકફાળાના વિકાસ કામો નહિ કરવાની આદત પડી છે.

તેમણે જણાવ્યું છે કે તંત્ર દ્વારા આ સોસાયટીઓ પાસેથી લેવાયેલ રકમનો હિસાબ જાહેર કરવો જોઈએ. આ યોજનામાં નાણાંકીય વર્ષ પૂર્ણ થવા આવ્યું પણ ૫૦ ટકા કામગીરી પણ થઈ નથી એ જ બતાવે છે કે તંત્રના અધિકારીઓને વિકાસમાં કે પ્રધાનમંત્રી મોદીના 'ડસ્ટ ફ્રી સીટી કેપિટલ' બનાવવામાં રસ માત્ર નથી.

**સાબરકાંઠા પંચાયત મા.મ. વિભાગ, હિંમતનગર**
**જાહેર નિવિદા નં. ૨૦/૨૦૧૫-૨૦૧૬નો સુધારો - ૧**
અનુ.નં. ૧૦ માટે
સંદેશ સમાચાર વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેલ ઉક્ત નિવિદામાં નીચે મુજબનો સુધારો કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| ઓનલાઈન અપલોડ કરવાની તારીખ | ૨૫-૧૨-૨૦૧૫ |
| ઈજારદારશ્રીઓએ ઓન લાઈન ડાઉનલોડ કરવાની તારીખ | ૨-૧-૨૦૧૬ |
| બાનાની રકમ, ટેન્ડર ફી, બેંક સોલવંશી તથા અન્ય દસ્તાવેજ રજૂ કરવાની તારીખ | ૪-૧-૨૦૧૬થી ૧૧-૧-૨૦૧૬ |
| ટેકનીકલ બીડ/પ્રાઈસ બીડ ખોલવાની તારીખ | ૪-૧-૨૦૧૬ |

વિગતવાર નિવિદા www.statetenders.com પર જોવા મળશે. તેમજ ઓનલાઈન ટેન્ડરો www.nprocure.com પરથી ડાઉનલોડ કરી સકાશે. અન્ય વિગતો મૂળ નિવિદા મુજબ યથાવત રહેશે. જેની સંબંધકર્તાઓએ નોંધ લેવી.

કાર્યપાલક ઈજનેર
સા.કાં. પંચાયત મા.મ. વિભાગ
હિંમતનગર

ક્રમાક ના.મા.નિ./હિંમત/૪૭૨/૨૦૧૫